PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/કવા–૦૨/૧૭–૧૮/ 5932 તા. 26/07/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હ. બાલાપીર ( રાહે.)
મોમીન બાયતુલમાલ ટ્રસ્ટ,
સીટી સ્ટેશન ચોક,
ઘરમ ચોક,
વાંકાનેર –૩૬૩ ૩૨૧
મો: ૯૮૭૯૨ ૨૯૩૬૬

વિષય :–વિદ્યુત શુલ્ક રીકવરી પરત આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૫/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-४..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 6 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૫/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૮–૦૭–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હ. બાલાપીર ( રાહે.) મોમીન બાયતુલમાલ ટ્રસ્ટ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી મહમદભાઈ હુસૈનભાઈ કડીવાર હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)

રજુઆત કરનાર :બી.ડી.ઝાલાવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વાકાનેર)

## : હુકમ :

**ફરીયાદ : વિદ્યુત શુલ્ક રીકવરી પરત આપવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓશ્રી નુ '' હ. બાલાપીર ( રાહે.) મોમીન બાયતુલમાલ ટ્રસ્ટ'' જે, '' નહી નફો નહી નુકશાનના ધોરણે ચાલતુ – સેવાદાયી એવુ – કલ્યાણકારી પ્રવૃતિ કરતુ ટ્રસ્ટ'' જે, તા.૧૦–૧૧–૧૯૯૫થી '' સાર્વજનીક ટ્રસ્ટ '' હેઠળ નોંધાયેલ છે. આ ટ્રસ્ટ '' છેલ્લા ૨૨ વર્ષ થી – કોઈપણ નાત – જાત, કે ધર્મ કે ઉચ–નીચ વગેરે નો ભેદભાવ ન રાખીને '' માત્ર – ગ્રામ્ય વિસ્તાર ના ગરીબ અને પછાત નાગરીકો ની, આરોગ્ય, સામાજીક, શૈક્ષણીક – બાબતો મા સહાયરૂપ છે. તેઓના આ જોડાણ નુ બીલીંગ '' છેલ્લા ઘણા વર્ષો થી – વીજકર માફી '' હેઠળ થયેલ છે. અને રાજય સરકાર શ્રીના ધારાધોરણ હેઠળ આજેપણ – તેઓનુ આ ટ્રસ્ટ – વીજકર માફી હેઠળ છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, '' તેમના ટ્રસ્ટ ના બંધારણ / ટ્રસ્ટડીડ / હેતુ '' વગેરે દસ્તાવેજીક આધાર કચેરી મા હોવા છતા, અથવા તો તેમની પાસેથી માંગી અને સ્પષ્ટતા મેળવ્યા વગર – નિયમાધીન રીતે કોઈપણ પ્રકાર ની નોટીસ પાઠવ્યા વગર, એક તરફી રીતે '' તેમના ટ્રસ્ટ ને ધાર્મીક ટ્રસ્ટ'' જાહેર કરી અને, પ્રાશ્ચ્યાત અસર થી, '' સરકાર શ્રી દ્વારા માફ કરાયેલ એવા ૦% વીજકર ને ૨૫% ની ગણતરી હેઠળ '' તબ્દીલ કરી અને – આ પ્રાશ્ચ્યાત અસર ની તબ્દીલી અન્વયે ની, ગણતરી ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/– નુ પુરવણીબીલ – જે '' ઓડિટ ટીમ તરફથી, ઓડિટ પારા '' ને આનુષાંગીક રહીને આપેલ છે. આ બાબત, સરકાર શ્રી ના વીજકર ના ધોરણ મુજબ ની ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, મૌખીક ચર્ચાઓ તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી નુ – '' હ. બાલાપીર ( રાહે.) મોમીન બાયતુલમાલ ટ્રસ્ટ '' ના નામનુ, ગ્રાહક નં.: ૮૧૬૦૧/૨૧૪૫૯/૬ (એલએફડી–૩ – ૦૭ કીવો) જે અગાઉ, તા.૧૮–૦૧–૨૦૦૩ ના રોજ ચાલુ કરાયેલ હતુ. આ જોડાણ મા, ચાલુ કરાયા તા.૧૮–૦૧–૨૦૦૩ થી, '' ૦% વીજકર મુજબ નુ બીલીંગ ચાલુ જ હતુ. પરંતુ, પીજીવીસીએલ ની પીજીવીસીએલ ની ઓડિટ ટીમ તરફથી, સદર જોડાણ ને, '' રીવાઇઝ ટેરીફ ઓર્ડર – ૨૦૧૧ ની શરતો – એટલેકે, રીલીજીયસ કન્ઝ્યુમર્સ ટ્રસ્ટ હેઠળ '' – જે, માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી ના સમયગાળા માટે '' ૨૫% વીજકર હેઠળ તબ્દીલ કરાયેલ હતુ. '' જેથી, આ જોડાણ મા, '' જોડાણ ચાલુ થયા તા.૧૮–૦૧–૨૦૦૩ થી માહે ડિસેમ્બર–૨૦૧૦ સુધી – ૦% વીજકર મુજબ નુ બીલીંગ થયેલ હતુ. '' અને ત્યારબાદ, '' માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી નુ પણ, જે ૦% વીજકર મુજબ નુ બીલીંગ થયેલ હતુ.'' તે '' ૦% વીજકર ના બીલીંગ ને, ૦% વીજકર ને બદલે ૨૫% વીજકર '' મા તબ્દીલ કરાયેલ હતુ. આમ થવાથી, સદર માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી ની તબ્દીલી અન્વયે ની, તફાવતીય ગણતરીએ થતી કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ નુ અરજદાર શ્રી ને સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. આ પુરવણી બીલ ની રકમ અરજદાર શ્રી એ વાંધા સાથે તા.૦૨–૦૬–૧૬ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. |

| | |
|---|---|
| ૨.૨ | ઓડિટ ટીમ ની, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતેની, સદર દરખાસ્ત ને આનુષાંગીક રહેતા – પીજીવીસીએલ ની શહેર પેટા વિભાગીય કચેરી વાંકાનેર તરફથી પત્ર ક્રમાંક : ૨૪૦૫ તા.૨૪–૦૫–૧૬ થી – અરજદાર શ્રી ને, માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી ના સમયગાળા ના – સદર મુજબ ના વીજકર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ ના પુરવણી બીલ ની જાણકારી અપાયેલ હતી. પરંતુ, પીજીવીસીએલ દ્વારા સદર જોડાણ ને, ''ધાર્મીક ટ્રસ્ટ'' હેઠળ માહે જાન્યુઆરી–૨૦૧૬ થી આવરી લેવાયેલ એવા, આ ટ્રસ્ટ ને પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, સદર તબ્દીલી અન્વયે ની – ગ્રાહક ને ખાસ નોટીસ પાઠવી અને જાણકારી આપી, અને તે પરત્વે ગ્રાહક ની સ્પષ્ટતા મેળવવા બાબતે ની, કોઈ પેપર કાર્યવાહી કરાયેલ નથી. પરંતુ, ઓડિટ ટીમ ના સુચન મુજબ જ, સદર જોડાણ મા વીજકર ના દર ની તબ્દીલી થયેલ છે. |
| ૨.૩ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર ના સદર ગ્રાહક નં.: ૮૧૬૦૧/૨૧૪૫૯/૬ વાળુ ટ્રસ્ટ, જે ખરેખર ''નહી નફો નહી નુકશાન મુજબ નુ સામાજીક સેવાકીય હોસ્પીટલ ટ્રસ્ટ'' મુજબ નુ જ હોવાની બાબત ને, સ્થળ ચકાસણી તેમજ રેકર્ડ આધારીત સમર્થન મળે, તેવા હેતુ સાથે, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી કક્ષાના કાર્યપાલક ઈજનેર શ્રી તરફથી, સદર ટ્રસ્ટ ની રૂબરૂ મુલાકાત લઈ, ખરેખર – '' નહી નફો નહી નુકશાન વાળી, માત્ર સેવાકીય જ હોસ્પીટલ પ્રવૃતિ થતી હોવા બાબતે '' ની સ્થળ આધારીત ખરાઈ કરી, તદ ઉપરાંત, '' ટ્રસ્ટડીડ '' મેળવી, સદર ટ્રસ્ટ ના ટ્રસ્ટીઓ ની મીટીગ નો '' સદર ટ્રસ્ટ – જે નહી નફો નહી નુકશાન વાળી, માત્ર સેવાકીય જ હોસ્પીટલ પ્રવૃતિ થતી હોવા બાબતે '' નો ઠરાવ મેળવી, તદ ઉપરાંત, સદર પ્રવૃતિ ને સમર્થન આપતા એવા તમામ દસ્તાવેજીક પેપર્સ મેળવી – એ મુજબ, સ્થળ તપાસણી તેમજ રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ – એકત્રીત કરી અને, તે મુજબ – '' વિદ્યુત શુલ્ક સમાહર્તા ગાંધીનગર ની કચેરી ના, પ્રવર્તમાન સમય ના પરીપત્ર અન્વયે, જીયુવીએનએલ ના પ્રવર્તમાન પરીપત્ર ને આનુષાંગીક એવી કોમ્પ્યુટરાઈઝ બીલીગ પ્રણાલી માહે ની, ઈ–ઉર્જા બીલીગ સીસ્ટમ – કે જેમા સદર પ્રકાર ના જોડાણ ને – વીજકર ના દર ની આકારણી હેઠળ ના – કોમ્બીનેશન કોડ –૬૭ ના મથાળા હેઠળ, એકઝેમ્પ્ટેડ વીજકર હેઠળ, સદર ટ્રસ્ટ ને આવરી લેવાની બાબત, નિયમાધીન યોગ્ય જણાશે તો – પીજીવીસીએલ તરફથી, આ મથાળા હેઠળ, એટલેકે– કોમ્બીનેશન કોડ–૬૭ ના મથાળા હેઠળ, '' આ મુજબ ના નહી નફો નહી નુકશાન મુજબ ની સેવાકીય હોસ્પીટલ '' ના જોડાણો ની સમાવેશ કરી, અને તે મુજબ , આ ટ્રસ્ટ ના જોડાણ ને જે '' ૦% વીજકર નો દરજજો '' જે, જોડાણ ચાલુ થયા તા.૧૮–૦૧–૨૦૦૩ થી જ મળેલ છે, તે ૦% વીજકર નો દરજજો, જે ટેરીફ ઓર્ડર–૨૦૧૧ મા કરાયેલ એવી, પીજીવીસીએલ મા પ્રવર્તમાન બીલીગ પ્રણાલી અંતર્ગત ના – કોમ્બીનેશન કોડ નં.–૬૭ ના મથાળા હેઠળ ના '' ૦% વીજકર'' મુજબ નુ જ બીલીગ, જે આજદિન સુધી ચાલુ રાખવામા આવશે. તેમજ, સદર જોડાણ ના બીલીગ મા, જે '' ઓડિટ અન્વયે – માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી ના સમયગાળા ની – ૦% વીજકર ને બદલે, ૨૫% વીજકર હેઠળ કરાયેલ એવી વીજકર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ ના પુરવણી બીલ નિયમાધીન રીતે રદબાતલ થશે. અને અરજદાર શ્રી તરફથી, આ પુરવણી બીલ ની ભરપાઈ થયેલ રકમ, સદર જોડાણ ના બીલીગ ખાતામા, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ જમા આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી નુ, સવાલવાળી અરજી વાળુ, ગ્રાહક નં.: ૮૧૬૦૧/૨૧૪૫૯/૬ , જે પ્રથમ થી જ, '' સામાજીક સેવાકીય ટ્રસ્ટ '' હેઠળ ની, અગાઉ ની સરકાર શ્રી ની મંજુરી અન્વયે નુ, '' નહી નફો નહી નુકશાન મુજબ ની સેવાકીય – હોસ્પીટલ સારવાર '' પ્રમાણે ના હેતુ વાળુ, જે અગાઉ ની, એલએફડી–૩ બીલીગ કેટેગરી હેઠળ, ૦% વીજકર ના બીલીગ મુજબ તા.૧૮–૦૧–૨૦૦૩ થી રીલીઝ થયેલ હતુ. અને, ૦% વીજકર ના બીલીગ હેઠળ ચાલુ જ હતુ. તે બાબત ને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે સમર્થન આપેલ છે. |

| | |
|---|---|
| ૩.૨ | ત્યારબાદ, સદર ટ્રસ્ટ ના જોડાણ કે – જે ટ્રસ્ટ નો હેતુ, '' નહી નફો નહી નુકશાન મુજબ ની સેવાકીય – હોસ્પીટલ સારવાર'' મુજબ નો છે. આ મુજબ ના હેતુ વાળા ટ્રસ્ટ ને – વિદ્યુત શુલ્ક સમાહર્તા ગાંધીનગર ની કચેરી ના પરીપત્ર અન્વયે, જીયુવીએનએલ ના પરીપત્ર ને આનુષાંગીક એવી કોમ્પ્યુટરાઇઝ્ઝ બીલીંગ પ્રણાલી માહે ની, ઈ–ઉર્જા બીલીંગ સીસ્ટમ, કે જેમા અપાયેલ '' કોમ્બીનેશન કોડ નં.–૬૭ હેઠળ ના, શીર્ષક હેઠળ ના – Hospital/ Disp. / Non. Profiting – Exempted '' મા જ સમાવી અને તે દરજ્જા હેઠળ, – ૦% વીજકર મુજબ નુ બીલીંગ કરવાની જોગવાઈ છે. પરંતુ – પીજીવીસીએલ ની ઓડિટ ટીમ દ્વારા , અરજદાર શ્રી ના સદર ગ્રાહક નં.: ૮૧૬૦૧/૨૧૪૫૯/૬ (એલએફડી–૩ – ૦૭ કીવો) જોડાણ ના હેતુ બાબતે, કોઈપણ પ્રકાર ની, પીજીવીસીએલ ની સબંધક કચેરી / ગ્રાહક પાસેથી આગવી દસ્તાવેજીક પેપર્સ અન્વયે ની સ્પષ્ટતાઓ સાથે ની જાણકારી મેળવ્યા વગર – અરજદાર શ્રી ના સદર જોડાણ – કે જેનો હેતુ, '' નહી નફો નહી નુકશાન મુજબ ની સામાજીક સેવાકીય – હોસ્પીટલ સારવાર'' મુજબ નો જ હોય, અને '' કોમ્બીનેશન કોડ નં.–૬૭ હેઠળ ના, શીર્ષક હેઠળ ના – Hospital/ Disp. / Non. Profiting – Exempted '' મા જ સમાવી અને તે દરજ્જા હેઠળ, – ૦% વીજકર મુજબ નુ બીલીંગ કરવાની જોગવાઈ પ્રવર્તમાન હોય – તેવા આ જોડાણ ના બીલીંગ ને, '' કોમ્બીનેશન કોડ નં.–૬૭ હેઠળ ના, શીર્ષક હેઠળ ના – Hospital/ Disp. / Non. Profiting – Exempted ''મા આવરી લેવાની બાબત નિયમાધીન હોવા છતા, – પીજીવીસીએલ ની ઓડિટ ટીમ તરફથી, આ મુજબ ની કોઈ રેકર્ડ આધારીત અને સ્થળ આધારીત ખરાઈ કર્યા વગર, તેમજ અરજદાર ને, જીઈઆરસી ના માર્ગદર્શન મુજબ, બીલીંગ ટેરીફ તબ્દીલી સબબ ની, દિન–૩૦ ની સમયમર્યાદા ની ખાસ નિયમાધીન નોટીસ આપી અને અરજદાર પાસેથી સ્પષ્ટતા મેળવ્યા વગર – સદર જોડાણ ના બીલીંગ ને, '' કોમ્બીનેશન કોડ નં.–૧૦૪ હેઠળ ના, શીર્ષક હેઠળ ના – Religious Consumer ( Trust) – Exempted'' ના દરજ્જા હેઠળ ના – ૨૫% વીજકર ના દર મુજબ ના બીલીંગ હેઠળ તબ્દીલ કરવાની કાર્યવાહી કરાયેલ છે. અને, તે કાર્યવાહી અન્વયે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, સદર વીજકર ની તબ્દીલી સબબ ની આકારણી, જે પ્રાશ્ચ્યાત અસરથી – એટલેકે, માહે જાન્યુઆરી–૨૦૧૧ થી અરસકર્તા કરેલ છે. અને તે આકારણી મુજબ, અરજદાર શ્રી ના સદર જોડાણ ના, માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહ જાન્યુઆરી–૨૦૧૬ સુધી ના, ૦૫ વર્ષ ના સમયગાળા ની વીજકર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ ની આકારણી ની દરખાસ્ત, જે ઓડિટ ટીમ તરફથી, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપેલ હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને સદર વીજકર તબ્દીલ મુજબ નુ સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. |
| ૩.૩ | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે ની, ઓડિટ ટીમ દ્વારા થયેલ દરખાસ્ત ને, આનુષાંગીક રહીને, પીજીવીસીએલ તરફથી, સદર વીજકર તબ્દીલી બાબતે – નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૭૬ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર શ્રી ને, દિન–૩૦ ની નોટીસ આપી અને, તે અન્વયે અરજદાર શ્રી પાસેથી સદર તબ્દીલી બાબતેની, યોગ્યતા / અયોગ્યતા સબંધક કોઈ લેખીત સ્પષ્ટતાઓ મેળવવા માટે ની કાર્યવાહી કરાયેલ ન હતી. પરંતુ, ઓડિટ ટીમ દ્વારા દરખાસ્ત થયેલ સદર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ નુ, પુરવણી બીલ, જે સબંધક પેટા વિભાગીય કચેરી વાંકાનેર તરફથી પત્ર ક્રમાંક : ૨૪૦૫ તા.૨૪–૦૫–૧૬ થી અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ને સદર વીજકર ના દર ની તબ્દીલી નુ સવાલવાળુ પુરવણી બીલ આપતા પહેલા , પીજીવીસીએલ તરફથી, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ મુજબ ની કોઈ આગવી કાર્યવાહી કરાયેલ નથી. જે બાબત નો પીજીવીસીએલ પક્ષકારે સ્વીકાર કરેલ છે. |
| ૩.૪ | ફરીયાદી અરજદાર શ્રી ના ગ્રાહક નં.: ૮૧૬૦૧/૨૧૪૫૯/૬ વાળુ સદર ટ્રસ્ટ નો હેતુ, જે પ્રથમ થી જ – એટલેકે જોડાણ ચાલુ થયા તા.૧૮–૦૧–૨૦૦૩ થી જ, '' નહી નફો નહી નુકશાન મુજબ ની સામાજીક સેવાકીય – હોસ્પીટલ સારવાર'' મુજબ નો હોવા સબંધક, સ્થળ ચકાસણી તેમજ રેકર્ડ આધારીત ખરાઈ કરવા માટેનુ મંતવ્ય, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. તે મંતવ્ય યોગ્ય અને વ્યાજબી હોવાનુ, ફોરમ કમિટી માને છે. પીજીવીસીએલ પક્ષકાર ને, સદર મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે ની, ફોરમ સમક્ષ ના મંતવ્ય મુજબ ની કાર્યવાહી, જે અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૫ મા સંપન્ન કરવા, બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ |

| | |
|---|---|
| | આપવામા આવે છે. આ કાર્યવાહી દરમ્યાન, '' જો અરજદાર શ્રી નુ સદર ટ્રસ્ટ, કે જેનો ઉદેશ, નહી નફો નહી નુકશાન મુજબની દાકતરી સારવાર આનુષાંગીક હોસ્પીટલ મુજબ નો જ – સ્થળ ચકાસણી અને રેકર્ડ આધારીત બાબતો હેઠળ પ્રસ્થાપિત થાય '' તો, સદર જોડાણ ના બીલીગ ને, '' પ્રવર્તમાન ટેરીફ કોડ –૨૦૧૧ મા કરાયેલ જોગવાઈ અન્વયે ના, પીજીવીસીએલ મા પ્રવર્તમાન બીલીગ પ્રણાલી મુજબ ના કોમ્બીનેશન કોડ નં.–૬૭ ના મથાળો હેઠળ ના '' ૦% વીજકર" મુજબ નુ જ બીલીગ, જે આજદિન સુધી ચાલુ રાખવામા આવે. તેમજ, સદર જોડાણ ના બીલીગ મા, જે '' ઓડિટ અન્વયે – માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહે જાન્યુઆરી–૨૦૧૬ સુધી ના સમયગાળા ની – ૦% વીજકર ને બદલે, ૨૫% વીજકર હેઠળ કરાયેલ એવી વીજકર તબ્દીલી અન્વયે ની કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ ના પુરવણી બીલ નિયમાધીન રીતે રદબાતલ કરવામા આવે. અને અરજદાર શ્રી તરફથી, આ પુરવણી બીલ ની ભરપાઈ થયેલ રકમ, સદર જોડાણ ના બીલીગ ખાતામા, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ જમા આપી, અને તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવે, તે મુજબ નો, અરજદાર શ્રી ની જાણકારી હેઠળ પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ થી ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, મુદદા નં. ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતેની, સ્થળ ચકાસણી અને રેકર્ડ આધારીત દસ્તાવેજીક પેપર્સ અન્વયે ની, '' નહી નફો નહી નુકશાન કરતી સેવાદાયીક હોસ્પીટલ '' ના હેતુ વાળુ ટ્રસ્ટ નિયત થયે, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ના સદર જોડાણ મા કરાયેલ સવાલવાળી, વીજકર ના દર ની તબ્દીલી – એટલેકે માહે જાન્યુઆરી–૨૦૧૧ થી માહેજાન્યુઆરી–૨૦૧૬ સુધી ના, ૦૫ વર્ષ ના સમયગાળા ની '' વીજકર ના દર ની તબ્દીલી ''– જે રદબાતલ થવા યોગ્ય હોય, સદર તબ્દીલી રદબાતલ કરી, અને તે મુજબ, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, સદર વીજકર ના દર ની તબ્દીલી અન્વયે નુ, અરજદાર શ્રી ને અપાયેલ, કુલ રકમ રૂ.૯૬,૬૦૫/૩૯ નુ પુરવણી બીલ રદ કરી – તેમજ સદર જોડાણ ને, '' ૦% વીજકર '' ના દર હેઠળ જ, હવે પછી થી ચાલુ રાખવા બાબતેની કાર્યવાહી – જે અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૫ મા સંપન્ન કરવા, બાબતે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકિય બાબત સબંધ હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**